गौरीशंकर उदयशंकर ओझाए करेलो स्वर्गवास.

(તેનું ગાયનરૂપી અફસોસ.)

દોહરા.

ઓગણીસેં ઉડતાળીશ, વીક્રમ શાલ વીશાળ;
માર્ગશર્ષ શુદ એકમે, ભોમવાર નીહાળ;
ગૌરીશંકર ગુણનીધી, વાચર્યા દેવ વીમાન;
દીલગીર સીધું છત્ર કીધે, મનહર ગાજીદિવાન;

ગીતી છંદ.

આજમ ગૌરીશંકર, ગાજી દીવાન હતા પ્રીતી પૂને;
સ્વર્ગ સીધાવ્યા જાણી, માનવ જળચર પ્રાણી સૈ ઝુરે;
હાહાકાર થયો છે, મરણ સુણીને સોચ પ્રગટાવ્યો;
ધર્મ વીર જે ધોરી, ધરતી માતા કેમ હુલાવ્યો;
રંક માળવે રૈયત, અર્થલાભ અફસોસ ઘણો થાતાં;
સુંન્યકાર સૈ ભાસે, અગ્રેસર ઉપકારી નર જાતાં;
સુર્ય પડીને ઝાંખો, અમુલ્ય રત્ન અલૌકિક શું કરવું;
ઇશ ગતી શું તારી, આખર પ્રાણી શીર કર્યું મરવું;
ફરી ન મેળો થાશે, ગહનગતી ઇશ્વર આ કહેવાશે;
સર્વ ચીજ સંપડાશે, મુએલ કેરો મેળો નહીં ક્યાંએ;
શોધો સ્વર્ગ સમક્ષે, સ્વર્ગ મૃત્યુ પાતાળની માંએ;
મોં મેળા નહીં થાશે, સ્વપ્નાવત સૌ ગપ ન રોકાશે.

માલીની છંદ.

સુકૂળ જનમ લીધો, લાભ આજોજ દીધો;
અચળ કરીજ કીર્તિ, જોગ સન્ચરત લીધો;
મનહર ગુણી મંત્રી, જ્ઞાનના બીજ વાવ્યાં;
સુખ સરવ કરીને, સ્વર્ગ પંથે શીધાવ્યા;
અનહદ કરી કામો, રાજ્ય આબાદ રાખ્યું.
પુરણ સુખ પ્રજાએ, સ્નેહથી શ્રેષ્ટ ચાખ્યું;
અવર ઉત્તગ કામો, પાય પાછો ન દીધો;
વીનય સરસ ધારી, શ્રેષ્ટ સંકલ્પ કીધો;
ગરીબ તણી ગણીને, દાદ સાચી સ્વીકારી;
અદલ હુકમ આપી, અંતરે ધ્યાન ધારી;
સુખ બહુ કરનારા, સ્વર્ગ પંથે વળ્યા છે;
દીન દુખ હરનારા, નેત્ર પાણી ઢળ્યાં છે;
ધરમજ ધરનારા, અમ્મ થઇ આપ રહેતાં;
અમી મુખ ઝરનારા, લાભ દઇ માન લેતાં;
ભારત ભુમી અરેરે, રત્ન રૂડું ગુમાવ્યું;
ઇશ શીશ નમી આજે, કેમ પીડા સમાવું;
ગુણ ગણી ગણી જોતાં, શ્રેષ્ટ જેના વિચારો;
અનુભવી સરવેમાં, પ્રાણ ખોયોજ પ્યારો;
હર હર હર આજે, જોઇને આવી વેળા;
વીર નર શું વીખુટા, મુખ ના થાય મેળા;
વીનય તણીજ વાતો, સાંભળીને વિમાસું;
ઇશ ગતી બની તારી, બહુજ જાળ ભાસ્યું;

સોરઠા.

ધન લાખેણો દેહ, છોડી સ્વર્ગ સીધાવીઆ;
જરા નહીં સંદેહ, વારંગના વધાવીઆ;
વીચરે દેવ વીમાન, દેવ ગળ્યા દુનીયા જુવે;
મનહર માજી દીવાન, ચોંપે સ્વર્ગ સીમા સુવે;
શીથીલ થઇને ગાત, કાયા છોડી કારમી;
પરખી લેજો, યાત્ર, દીવાન માજી દેખીને,;
મનહર માજી દીવાન, દુનીયામાં દેખું નહીં;
અવીચળ લીધું ગાન, દુનીઆદારી કામમાં;
આખર આતમ ગ્નાન, ચાલ્યા ઇશ્વર ધામમાં;
ધર્યું પ્રભુનું ધ્યાન, દેવે પુષ્પ વધાવીઆ;
ભાવનગરની માંય, દયા ડુંગરો હડી જાતાં;
શીતળ સુખની છાંય, ગૌરીશંકર ગુણી હતા;
પુત્ર અખંડ પ્રતાપ, "૧વીજય" "૨પ્રભા" વીસ્તારછે;
વેગે કરે વીલાપ, આંખે અશ્રુ ધાર છે;
મુઆ પછીથી રોય, નીષ્ફળ છે આશા સદા;
કદી ન કરશો કોય, દીલગીર દીલગાંહે કદા;
ગયા મળે છે વાહાણ, ગઈ સંપત્ત લો સાંપડે;
ગયા ન આવે પ્રાણ, અવસર ગયો ન આવશે.

દોહરો.

નામ નહી મરનારનો, જરૂર નાશ જણાય;
મુદતે હરીપર પ્રાણીઓ, ક્ષણું ન [illegible], પાય.

---

૧ વીજયશંકર. ૨ પ્રભાશંકર.

મરસીયાં.

હાય હાયરે સ્વામીજી સ્વર્ગે સીધાવ્યા;
સ્વામીજી સ્વર્ગે સીધાવ્યા,
આજુ ચીંતવ્યાં વીમાન ક્યાંથી આવ્યાંરે;
હાય હાયરે સ્વામીજી સ્વર્ગે સીધાવ્યા;
જોવા ઉમરાવ અમીર બહુ આવે;
ફુલડાં મેળો કરવાને સૌ જાવે;
મોત સાંભળી મસ્તક ડોલાવેરે. હાય૦
ખરેખરો એનો કાળ આવી ખુટ્યો;
ઝટપટ રત્ન ઝવેરી હીરો છુટ્યો;
આજ ધર્મધોરી સ્થંભ તુટ્યોરે; હાય૦
છોડી બહોળો વિસ્તાર પોતાનો;
વેદ મુક્ત કર્યા છંદ—નિધાનો;
દીધાં પોતે સદાવ્રત દાનોરે; હાય૦
માફ કરજો અમારી સૌ ખોડો;
જગત છોડી વૈભવ જય જોડ્યો;
સુખ છાંયા કરીને સંગ છોડ્યોરે; હાય૦
આવી નાગરી નાત તમ પાસે;
અવર અનુચરો કરતાં ઉદાસે;
ઉભા દેવવિમાનો આકાશેરે; હાય૦
માજી દીવાન બાપુભાની આજ્ઞા;
ગુરૂ નામ સુણીને જન આંઝા;
થયા દીલગીર મોટા મહા[illegible]રે; હાય૦

સુખ તરૂવર કાળે સુકાવ્યું;
કાળ ચક્રે અરે ક્યાંથી ફાવ્યું;
દેખી દરીઆમાં નાવ ડુબાવ્યું રે; હાય૦
દીશા સુની દીસે છે તે આગે;
સુખ તેજ બીહામણું લાગે;
જોઇ દૈત્ય જોગી સમાધી જાગે રે; હાય૦
ચાલે ચક્ષુમાં નીર ચોધારાં;
બંધ થયાં શું સુખ કેરાં બારાં;
નીસર્યા ચાલી નોધારાં આધારરે; હાય૦
કોણ કહેશે યથારથ કહાણી;
દયાવંત દાતાર દીન જાણી;
યાદ કરતાં આંખે ભરાય પાણીરે; હાય૦
કહેશે નીપજ્યા નથી "ગમાભાઇ";
ભુંડું થયું બોલે છે બાઇ બાઇ;
સદા સંકટની વાદળી છવાઇરે; હાય૦
શાસ્ત્ર અનુસરી ધાર્યું કીધું;
લાભ મેળી અમૃતફળ લીધું;
કરી અભ્યસ્ત મરણ એવું કીધું રે; હાય૦
નિર્ભયશંકર તન જોઇ વીમાસે;
બીજા પુત્ર પ્રભાશંકર પાસે;
એનાં આંતર દીઠાં ઉદાસે રે. હાય૦
જગત આગળ પ્રભુ પ્રીત જોડી;
સદા વહાલો વીસ્તાર ગયા છોડી;

સત્યવાદી ધર્મી ચીત ચોડીરે. હાય૦

આગી વૃક્ષનો ધર્વ ન થાએ,
ધશ ગતીનો નહીં ઉપાયે;
કેવી કુદરની ઈચ્છા કહેવાયેરે. હાય૦

આશાગોડી.

ઓચીંતું પીદન ક્યાં, ! ! ! આવ્યું, અરે પ્રભુ. ! ! ! ! ! !
ઓચીંતું પીદન ક્યાં આવ્યું; ટેક૦
ભાવનગરની ભુતળ આજે, ગભીર રત્ન ગુમાવ્યું. અરે.
દીઠું હીગ લાગ થકી લગ, પુરાણ દુઃખ પ્રગટાવ્યું. અરે.
પુન્યશાળી તર પ્રપંચ કરીને, કાળ ચક્ર ક્યાંથી ફાવ્યું. અરે.
દેવ વીમાને બેસારી દયાળુ, એકદમ કેમ ઉઠાવ્યું. અરે.
આનંદીજન ઉપર ઈશ્વર, વીપરીત બીજ ક્યાં વાવ્યું. અરે.
જેના ગુણથી જય બોલાએ, જાહેર કેમ ન જણાવ્યું. અરે.
ખાખ પડાવી ખલક બધીમાં, પારસ કેમ પડાવ્યું. અરે.
"ચુનીલાલ" ભક્તવત્સલ ભગવાનહે, સ્વર્ગ વીમાન ચડાવ્યું; આ.

મનહર છંદ.

મોટા માનવંતા, ભાવનગના માજી દીવાન,
કેસી એસ આઈ, માન પત્રીકા મળી હતી;
ગૌરીશંકર દીવાને, કેવળ ગ્રહીને ગુણ,
સ્વર્ગવાસ સુણી, દીશા સુન્યકાર લાગતી.
જેનું નામ સુણતાં, સદાય છે કલ્યાણકારી,
એવો વીર ખોઇ બેઠી, ગોહીલ ભુમી અતી;
પશ્ચાતાપ કેરો હવે, પારજ રહેલો નથી,
દેવાંશી દીવાન થકી, ધરા બહુ દીપતી.
કાઠીઆવાડી કીમતી, કોહીનુર જે કહેવાય,
ગુમાવી બેઠાની લાય, ઓલાશે ન દીલમાં;
દેશ દેશાવર દેવ, થયાની ખબર દેખીતા,

મોટો હાહાકાર થયો, મોટા મોટા મીલમાં
ઇંગ્રેજો અમીરો. ઉમરાવને અમલદાર,
ઉદાસ થઇને ઝુરે, દુનીઆના આગીલમાં;
વર્તમાન પત્રોવાળા, અતી વીસમય થઇ,
ઘોરી હડતાળ પાડી. રહે ન કોઇ ઢીલમાં,
ભાવનગ્ર શહેરતણી રૈયત રૂદન કરે,
મહારાજા વાત સુણી, ઝુરે મોતી બાગમાં;
ભાવેણાનો ઘોરી સ્થંભ. કારમ્યો કડેડી પડયો,
ભારી દીલગીરીનો ફેલાણી, ભાગો ભાગમાંનું.
ગૌરીશંકર દીવાને, કાયમ કલ્યાણકારી,
રાજ રૈયતનું ભલું, કરવાના રાગમાં;
પ્રજાના પોકાર સુણી, કાર્ય ઉત્તમ કરાવ્યાં,
શ્રેષ્ટ કીર્તી સંપાદન થયા છે, સૌ ભાગ્યમાં.
સ્વામી સ્વર્ગ થયાના, ખબર સુણી સ્ટેશનેથી,
તાર દેશો દેશ માંહી, છુટયા ગામો ગામોના;
મહારાજાએ માજન, બોલાવી હડતાળ પાડી,
બંધ દરબાર કરી, ઓફીસો તમામને.
વર્કશોપ ઘડેચીને, વેણી શંકર મીલ,
પ્રેસોને સોમીલ, બંધ કર્યા બધાં કામને;
ઓછી દીલગીરી, આખા શહેરમાં ગવાણી નથી,
ધર્મનો ધજાગરો, તુટી પડયો આ ઠામને.

સોરઠો.

ગનહર માજી દીવાન, ગૌરીશંકર ગુણનીધી;
મોટું પામી માન, ચોંપે સ્વર્ગ સીધાવીયા.

લલીત છંદ.

શુભ કૃત્યો કર્યાં, તે હવા ભણી,

વીનય વાતને, નમ્રતા ભણી;
વદન વાક્યથી, સત્યતા ખરે,
ગુણ એવો ખરો, ગૌરીશંકરે. ૧
અભીમાનતો નહી, બોલતા નહી,
પુરણ નીતીની, ટેકમાં રહી;
સત્ય બોલતા, સત્ય વાતરે,
ગુણ એવો ખરો, ગૌરીશંકરે. ૨
વદન રાજનાનું, ઉજળા ભલું;
અદલ ન્યાયનું, કીધ જે ભાખ્યું,
સુઘડ રાજ્યનો, મોહ્યું છે ગરે;
ગુણ એવો ખરો, ગૌરીશંકરે. ૩
ધર્મ જ્ઞાનમાં, અગ્ર એ હતા,
દ્રઢ ચીતે સદા, શીવ પુજતા;
પુરણ બ્રહ્મનું, ધ્યાન જે ધરે,
ગુણ એવો ખરો, ગૌરીશંકરે. ૪
સુખ કર્યું ઘણું, રાજને પ્રજા,
ફરકતી કરી, ધર્મની ધજા;
વીર છબી હતી, ફરે ચાલકે,
ગુણ એવો ખરો, ગૌરીશંકરે. ૫
ફરી પીઠેશનો, મિષ્ટ ફાયદા,
[illegible] ભર્યા, [illegible] કાયદા;
બહુ જગતમાં, [illegible] નામ, નાથરે,
ગુણ એવો ખરો, ગૌરીશંકરે. ૬
સત સલહથી, [illegible] કર્યા;
દીન [illegible] [illegible] કર્યા;
મરણ સાંભળી, [illegible] કરે,
ગુણ એવો ખરો, ગૌરીશંકરે. ૭
ધરમનો સદા, રથ [illegible] હુતો,
અગર [illegible], [illegible] સુધારો

પ્રભુ ગમ્યું તમે, શુભ હાથરે,
ગુણ ગ્રહ્યો ખરો, ગૌરીશંકરે. ૮
બાળકમાં સદા, ભાથ છે ખરી,
ભરત ભૂમીઓ, વીર વીસરી;
જન પ્રભાતમાં, નામથી તરે,
ગુણ ગ્રહ્યો ખરો, ગૌરીશંકરે. ૯
પુર પ્રજાપરે, દીલમાં દયા,
કરી નહીં કૃપા, કેમ તે ગયા;
રતન આપનું, સ્વર્ગ સંચરે,
ગુણ ગ્રહ્યો ખરો, ગૌરીશંકરે. ૧૦

શીખરણી છંદ.

અરેરે આતે શો, ગજબ થઈ જાણ્યું ખલકમાં,
ગુમાવ્યું ગોહીલે, રતન ગણી મોટું પલકમાં;
ગયા મોટા મંત્રી, સુખદરૂપી સુરસ્તંભ થયાં,
ગુણી ગૌરીશંકે, જગત ઝટ છોડી દઈ ગયા. ૧
કર્યાં કામો પ્યારાં, અનહદ પ્રેમ પારસ મણી;
સુધાર્યાં સંસ્થાનો, નગર પ્રીતી પ્યારૂં નીજગણી;
મતી મહારાજાને, સુઘડ મતી આપી દીલદયા,
ગુણી ગૌરીશંકે, જગત ઝટ છોડી દઈ ગયા. ૨
દયાળુ મહારાજા, તખ્તસીંહ ગોહીલરાજ ગુણી,
જુના મંત્રી કેરૂં, સુખદ દીલ છાયા ગુણ સુણી;
ગયા છે ઓચીંતા, ખબર સુણી શોકાતુર થયાં,
ગુણી ગૌરીશંકે, જગત ઝટ છોડી દઈ ગયા. ૩
વિલાતી વીશે સૌ, ભરત ભુમીકેરા ભડવીરા,
દયાળુની દોસ્તી, અવીચળ લીધું માન હીરો;
મળે નહીં મહાવીરો, ખલક ગહી મુક્તી ફર મથા,
ગુણી ગૌરીશંકે, જગત ઝટ છોડી દઈ ગયા. ૪
બુદ્ધિશાળી મોટા, નીરભય વીચારો શુભ કરે,

કર્યા કીર્તી કોટો, અમરનીજ ઠામે કરી અરે;!!!!!!
ઉદાસી આ દેખી, ગહન ગતી નારાયણ થયા;
ગુણી ગૌરીશંકે, જગત ઝટ છોડી ઉઈ ગયા. ૫

મનહર છંદ.

સ્વર્ગપુરી સોધું કે, કૈલાસપુરી કરૂ ધાગ,
દેવગતી પાર ન દેખાડી, ઓ ડીગંબરે;
ગોહીલવાડનું ગુણી, રતનતો ગુમાવ્યું અરે,
નીપજે ન ન્યાયજન, ધન્ય ધરા ઉપરે.
ગુણ અહી ગુણ નીધી, સ્વર્ગમાં સીધાવ્યા તેથી;
ભાવનગ્ર પ્રજા પાણી, બને નેત્રમાં ભરે;
નીપજે ન "મગાભાઈ" ગજબનો ગોઝો ફુટયો.
ઓચીંતુ મરણ સુણી બોલતા અરે અરે,
મોટા માનવંતા ગયા, ધોરી ધ્યાનવંતા ગયા;
દેવ દાનવંતા ગયા, નીતી ધર્મ ન્યાળવો,
કોપીદની કળાના, પીછાન નાર કૈલાશમાં.
સોક સીંધું રેલાણો તે, શીરીતે સંભાળવો,
પર ઉપકાર કરનાર, પગ ધરનાર;
અમીર ગયા મહા, રંક તણો માળવો,
હોાંશી માણ્જી દીવાન, દેવ લોકમાંહી મળે;
ગુણી ગણી વીણુદીન, કોની પાસે ગાળવો.

સોરઠો.

ગળે ન માણ્જી દીવાન, ગૈરીશંકર ગુણનીધી;
ચતુર સમજજો શાન, રાત રાત ભટકો બધી.

ઈંદ્રવીજે છંદ.

ગોહીલરાજ અવીચળ તેજ સુશોભીત;
ધાર્મીક ગંભીર ગાદી.
ગોહીલવાડની માંય ગણાય દયાળુ;

અનુપમ પુર આબાદી;
અથ જુના વરસાથી વસ્યું પુર ભાવસીં;
હે નગ્ર ભાવ અનાદી;
એ ગાદી ફ્રતવગ માજી દીવાન ગગાભાઇ;
જ્ઞાન ગ્અખાડે પ્રસાદી.
આવી અહોનીશ નીરપીએ નિત સીં–;
હ ગજા સહુ એકજ આરે.
દેવડી ગંભર દેશપતી ગુણી ગોહીલ;
ભુપ થયા અતી ભારે.
માર્ગીક રાજ ધુરંધર અમૃત વેલ વ–;
ધે પ્રતીદીન વધારે.
દેવપુરી સમરાજ સમાજ દીપે;
સહુ કાજ દા દરબારે.

(ફરી હવે ફાગ્ગમસ જેવોરે, અમલદાર નહી
મળે એવો એ રાગ.)

ગોરીશંકર જ્ઞાનને ધારેરે, સીધાવ્યા સ્વર્ગની વાટેરે;
અમૃત પાઇને અળગા કર્યા છે, નિશ્ચય પામ્યા નાશ.
વાત સુણીને બીચાર કરી સહુ, અત્યંત થાય ઉદાશ;
જન્મ ધરી નીજ જનુની કુખે, સુકૃત્ય કરતાં સંસાર.
જેને કદર ગુણ જાણ્યા હશે તેને, સાંભરે સો સો વાર;
પુન્યવંતાને ખરાને પ્રમાણીક, ગંભીર ગરીબની માજ;
કાઠીઆવાડનો કીંમતી કોહીનુર, ગુમાવી બેઠા આજ;
ગોહીલ રાજના માજી દીવાન જે, કહેવાતા ગગાભાઈ.
બાંહ્યધરી ગુણ શ્રેષ્ટ બતાવી, ચાલીયા સ્વર્ગની માંઈ.
ગુણ સંભાર સાં એક સતાંશનો, બદલો કદી ન વળાય;
રાજ પ્રજા રખવાળ ઉઠી ગયું, દુઃખ દેખાડવું આંહીં;
મરણ ખબર સૌ સાંભળી કાને, નાંખે ઉંડા નીશ્વાસ;
ખુડત બાંયડી ઝાલનારા ગીયા, અવર ન પુરશે આશ;
નીતી રીતીથી ન્યાલ કર્યા બહુ, સદગુણના ભંડાર;

છુટી ગશીમથી ચીત ત્વરાથી, સાથુ કીધા સરદાર;
રાજ્ય આપદ કુશું નીજ રાયનું, ગાર્ડુ અભય પદ દાન;
માનવંતા માછ દીવાન આર્ય, ભુલાવી દીધું ભાન;

લલીત છંદ

સુખદ છાંયડી, જે સદા વળી,
સ્વર્ગ પંથમાં, ઓપથી ઘણી;
નર ઉદારતા, રત્ન એ પરે,
અરર શુ કર્યું, ઈશ્વરે અરે. ૧
પુન્ય પાળીને, દેહ મુકીઓ
મૃત્યુ લોકમાં; કાળ ખુટીઓ;
નવ મળી અરે, દુનીઆ બુરી.
મરણ પામીઆ, આયુષે પુરી. ૨
ગહન છે ગતી, ઈશ્વરી ખરા,
નહી મળે મુવા, પ્રાણ છોડતા,
ઉતર પંથનો ખોળતા મુવો;
જગતમાં નામી, જીંદગી મુવો. ૩
મરણ પામીઆ, નહી મળે અરે,
જન્મ દેહી કરે, દેહ ત્યાગરે;
કુશળ માનવી, કાળનો સદા,
જગત જંગનો, જાણજો યથા. ૪
ઘણુંમાનાર નથી વાર લાગતી,
આણીનું લાખો, ઘેરાને વલી;
સત્ય કાળનું, ચક્રનો ક્રમ,
ચલન ખાહીતો, જાણ ઉભરે.

રા. રા. ગૌરીશંકર તેમની પાછળ બે પુત્રને પૌત્રાદીકનો બહોળો વીસ્તાર મુકીને સને ૧૮૯૧ ના ડીસેંબર માસની પેલી તારીખે સ્વર્ગવાસ કરેલ છે તેમાં મોટા પુત્ર વીજયશંકર છે ને બીજા પુત્ર પ્રભાશંકર છે.

રા. રા. વીજયશંકર સંવત ૧૮૯૪ માં જન્મીને (૧૯)

વર્સની ઉમરે, એટલે સંવત ૧૯૩૨ ની સાલમાં ભાવનગર સંસ્થાનના કુંડલા મહાલના જોઈંટને, છાપેલ સ્વતંત્ર વહીવટદારનો હોદ્દો ભોગવ્યો હતો ત્યાર પછી કેટલાક સમય પછી મહુવાના વહીવટદારની જગો મળી હતી.

સંસ્થાન ભાવનગરના મહારાજા સર જસવંતસીંહજી કે. સી. એસ. આઈ. સંવત ૧૯૨૬ માં સ્વર્ગવાસ થવાથી 'જોઈંટ એડમીનીસ્ટ્રેશન' સ્થપાયું તે વખતે વીજેશંકરને રૂ. ૫૦૦ના પગારથી વસુલાતી અધીકારીની જગો મળી હતી.

સંવત ૧૯૩૦ ની સાલમાં મહારાજા સર તખતસીંહજીએ રાજ્યની લગામ પોતાના હાથમાં લેતાં મી. વીજેશંકરને આસીસ્ટંટ દીવાન પદનો હોદ્દો આપ્યો હતો, સને ૧૮૮૮ માં મહારાજાએ 'કૈન્સીલ' સ્થાપતાં વીજેશંકરને રેવન્યુ ખાતાના [illegible] સભાસદનો હોદ્દો આપ્યો હતો મી. વીજેશંકરને પ્રાચીન શોધખોળનો ઘણો શોખ હોવાથી મહારાજાએ તે ખાતાનું એક પાતુ તેના હાથ નીચે ઉઘાડ્યું હતુ અને તે કામને માટે મુંબઈના ગવર્નર સર જેમ્સ ફરગ્યુસન લોર્ડ રે ઉપરાંત તે કામની બાહોશી વાસ્તે ડાકટર પીટરશન મી [illegible] મી રીચીનેસરરે ગંડવરટે તેમની પ્રશંસા કરીને સને ૧૮૮૦ માં તેમને મુંબઈ યુનીવરસીટીના ફેલો નીમ્યા હતા.

સને ૧૮૮૯ માં તેમના પીતાને મળેલ [illegible] ગામ ગુરપણામાં 'તપતેશ્વર' મહાદેવની સ્થાપના કરતાં મહારાજા સર તખતસીંહજી જી. સી. એસ. આઈ. એ ઘણી સારી પ્રશંસા કરી હતી.

મી. વીજેશંકરે ભાવનગર સ્ટેટના ગામોમાં નવા કુવા વાવ તથા તળાવો બંધાવી લોકોના જશ લીધેલા છે ને તેઓ ગરીબ આંધળા લુલા લોકોને [illegible] અન્નને પાણી તે ... ભાવનગર શહેર ઉપરાંત ભાવનગર ...

મી. વાજ્યશંકરને બે પુત્રો છે તેમાં વડા પુત્ર સારાભાઈ છે ને બીજા પુત્ર નામે હરિભાઈ છે તેમાં મી. સારાભાઈએ ભાવનગર શહેર મધે ન્યાયાધીસનો હોદો ભોગવેલ છે.

રા. રા. ગવરીશંકરના બીજા પુત્ર પ્રભાશંકર છે તેમણે પણ ભાવનગર શહેર મધ્યે 'રાજ્ય ખર્ચ. ખાતાના અધીકારીનો મોટો માનવંતો હોદો ભોગવેલ છે તેમણે પણ લોકોના ઉપયોગ વાસ્તે કુવા વાવ વગેરે પોતાના ખાંનગી ખર્ચે બંધાવેલ છે રાજેશ્રી ગવરીશંકરે ભાવનગરમાં રહી પોતાના રાજા પાસે ખરા દીલથી નીમક હલાલીથી જ નોકરી બજાવી રાજ્યનો અત્યંત સુધારો કરવામાં તનમનથી મહેનત લીધેલી તેમાં કાંઇ શક નથી ને તેની હયાતીમાં પોતે જશરૂપી ગ્યાન સંપાદન કરેલ છે ઈશ્વરી બનાવને અસ્તોદય આખી દુનીઆમાં થતું આવે છે માટે તેમના પરિવારને અમારૂં આશ્ર વચન છે કે ખરી સત્યતાથી બર્તી ધર્મના કામમાં અગ્રેસર રહી માન મેળવશે એવી ઉમેદ રાખવામાં આવે છે. તથાસ્તુ.

દોહરા.

જન્મેલા મરી જાય છે, જગત બનાવો જોઈ;
ખીલ્યું તે કરમાય છે, કરશો સોચ્યન કોઈ.
હુકમ થાય પૃથ્વી પતી, પ્રભુપદ ચરણ પમાય;
અદલ તુટતાં આત્મ સૌ, ક્ષણ ન ખોટી થાય.
સુકૃતથી સ્વર્ગે જશે, પરદુઃખ ભંજન હાર;
સરસ નરસ બદલો સદા, ઇશ્વર છે લેનાર,
મુવા મનુષ કદી ના મળે, રૂદન કરો હરગીજ;
ત્યાગો દેહ તતક્ષણે, સાંપડશે નહીં ચીજ.
દેહ ધરો નહીં દીલગીરી, અંગ તજી અફસોસ;
નામ તે તણું નાસછે, સુખથી ધરો સંતોષ.

દોહરો.

રહુછું ભાવનગરમાં, 'ચુનીલાલ' મારૂં નામ;
ભીખારામ કેરી મદદમાં, ગ્રંથ કર્યો આ કામ.

दोहरो.

पुरण थयुं पुस्तक लघु, दील करो दरियाफ;
"चुनीलाल" कहे छे भावथी भुलचुक करजो माफ;

ભાવનગરના વીખ્યાત વીર પુરૂષ રા. રા. ગૌરીશંકરે કરેલો સ્વર્ગવાસ.

ભાવનગરના ભલા, ભડવીર, ભાગ્યશાળી ને ભાનુસૂ-ષ્ય વિખ્યાત વીર પુરૂષ રા૦ રા૦ ગૌરીશંકર ઊદયશંકર ઓઝા સી. એસ આઈ. મંગળવારે સાયંકાળે આશરે ૭ વાગતાને સમયે સ્વર્ગ વાસ થયા છે. તે દિવસનો સૂર્ય દિવસનાં દર્શન દઈ જેવો અસ્ત પામ્યો તેવાજ સૂર્યરૂપી રા૦ રા૦ ગૌરીશંકરનો પણ અસ્ત થયો. ભાવનગરની નાગરિક જ્ઞાતિનો ઉદય એક રીતે અસ્ત પામ્યો એમ કહીએ તોપણ ચાલે. નાગર જ્ઞાતિમાં રા૦ રા૦ ગૌરીશંકર એક રત્ન હતા, અને ભાવનગરના નાગરો જે ઉદયતાને પામી પ્રકાશ્યા છે તે પણ સ્વર્ગવાસી રા૦ રા૦ ગૌરીશંકરનાજ પ્રતાપથી, અને ભાવનગરનું રાજ્ય જે મોહોટપને પામ્યુ છે તે પણ એ ભાગ્યશાળી પુરૂષના પ્રતાપથીજ; એમ કહીશું તો તે અસત્ય ગણાશે નહીં. આખા કાઠિયાવાડમાં, આખા

ગુજરાતમાં, આખા મુંબઇ ઇલાકામાં અને આખા હિંદુસ્થાનમાં, એટલુંજ નહીં, પણ ઠેઠ વિલાયત સુધી રા૦ રા૦ ગૌરીશંકરનું નામ સર્વ પ્રજાના હૃદયમાં રમી રહ્યું છે, અને સર્વત્ર એમની એવી અલૌકિક નામના ગવાય છે કે, એમનું નામ એક ઉમદા વીર પુરૂષ તરિકે યોગરત્ન પ્રખ્યાત છે. આવા જગપ્રસિદ્ધ પુરૂષના ગત થવાથી કાઠિયાવાડ ઇલાકાએ એક અમુલ્ય રત્ન ગુમાવ્યું છે, અને ભાવનગરની પ્રજાએ પોતનો ખરેખરો શુભેચ્છક શરીર સૂર્ય ખોયો છે, જેને માટે દરેક પ્રજામાં સ્વભાવિક શોક પ્રવર્તે એમાં શી નવાઇ છે.

સ્વર્ગવાસી રા૦ રા૦ ગૌરીશંકરે સંવત ૧૯૪૨ ના આશાડ માસની શુક્લપક્ષ ૧૧ ને દિવસે વિદ્વત્સન્યાસ ગ્રહણ કીધો હતો, અને સંસાર સાગરમાંથી તરી સન્યસ્તને પામ્યા હતા તોપણ ભાવનગરની સમગ્ર પ્રજાના અંતઃકરણમાં એમની હયાતની એવી તો હુંફ હતી કે દરેક જણ સુખ દુઃખમાં રા૦ રા૦ ગૌરીશંકરની સહાયતાની આશા રાખતા હતા, અને તે આશાએ સ્વર્ગવાસી ફળિભૂત કરવામાં પાછી પાની કરતા નહોતા. સારાંશમાં એટલુંજ કે, ભાવનગરના દરેક ગૃહમાં રા૦ રા૦ ગૌરીશંકરને પોતાના વડીલ વૃદ્ધ પુરૂષ તરિકે માનતા હતા, અને જેમ વહાણની મદદથી કોઇ પણ પુરૂષ મહા સાગર તરવાને હિમ્મતવાન થાય છે, તેમજ રા૦ રા૦ ગૌરીશંકરની શાંત, સ્થિર ને સ-
વૈરાગ્ય સલાહથી સર્વ કોઇ પોતાનાં અનેક આપત્કાળો તર

રી જ્યાને ભાગ્યશાળી થતા હતા.

અભ્યસ્ત શીધા પછી એગણે "શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય સ્વામિ શ્રી સચ્ચિદાનંદ સરસ્વતીજી મહારાજ" નું નામ ધારણ કીધું હતું, અને સર્વજનો "સ્વામિ" ને ને નામેજ એમને નમસ્કાર કરતા હતા. એગનો જન્મ સંવત ૧૮૯૧ ના શ્રાવણ કૃષ્ણ પક્ષ ૧ ને દિને ભાવનગરની પાસે શ્રી ઘોઘા ગામમાં થયો હતો, અને તે પછી દિનપ્રતિદિને એમનો અધિકો ઉદય થતો આવ્યો હતો, અને છેલ્લે ભાવનગરના સ્વતંત્ર દિવાનપદ પામી વિજય વર્તાવી વિજય વિખ્યાતિ સંપાદન કરી હતી.

સ્વામીશ્રીની માંદગી ને મૃત્યુ.

સ્વર્ગવાસી સ્વામિ શ્રી સચ્ચિદાનંદજી આશરે બે માસ પર્યાં તાવ અને ઉધરસથી માંદગી પામતા હતા, અને તેને માટે રાજ્યના ડાકટર આદિકની દવા કરતા હતા, પરંતુ જેમ જેમ તેમના આયુષ્યનો છેડો આવતો ગયો તેમ તેમ તેમની માંદગી વધવા લાગી, અને તેમના દેહની આશા જવા લાગી. કોઇ પણ ઔષધની ટીકી લાગી શકી નહીં—જો કે ડાકટર ને વૈદ્યોએ ઉપાયો લેવામાં તો મણા રાખી નહોતી. છેલ્લા દિવસોમાં કાઠિયાવાડના પ્રસિદ્ધ બાવા વૈદ્ય પણ ઔષધ આપ્યું; તદપિ ઈશ્વરી ઇચ્છા આગળ કોનું ચાલે? એગના આયુષ્યનો અંત આવેલો ત્યાં ડાકટરો કે વૈદ્યો શું કરે? ઘણાએ ઉપાયો યોજ્યા, ઘણાએ પૈસા ખરચ્યા, પરંતુ કશાની ટીકી નહીં લાગતાં આખરે ગયા મું-

મળવારે સાંજે ૭ વાગતે છેક અંતના સમય સુધી શુદ્ધાવસ્થામાં બોલતાં બોલતાં દેવલોક થયા. આ સમાચાર ગામમાં ફેલાતાંજ સર્વજનો એકે સ્વરે શોક દર્શાવવા લાગ્યા, અને કહેવા લાગ્યા કે "થયું. નાગરિક સૂર્ય અસ્ત થયો. બ્રહ્મજ્યોતિ નિસ્તેજ થઇ, અને ભાવનગરનો મણિગત પામ્યો." વિગેરે ગ્લાનિ ઉપજાવનારાં વેણો પ્રજા મૂખમાંથી નિકળવા માંડ્યાં.

સ્વામીશ્રીની ભુમિદા ક્રિયા.

મંગળવારે સાયંકાળે ગત થયા બાદ તત્કાળ તેમનાં સગાંવહાલાં અને મિત્રમંડળો, તેમજ તેમના કુટુંબ સાથે સારો નાતો રાખનારાંઓ અને બીજા સંખ્યાબંધ સ્ત્રી પુરૂષોનાં ટોળેટોળાં સ્વામિ શ્રીની વાડીએ દર્શનાર્થે જવા લાગ્યાં, વાડીમાં અંદરના ઓટલાપર સ્વામિ શ્રીને પલાંઠી વાળીને બિરાજમાન કીધા હતા, અને સર્વને છુટથી દર્શન થાય તેવી યોગ્ય સુઇ તેમના પુત્રે રા૦ રા૦ વજેશંકર ગૌરીશંકરે તથા રા. રા. પ્રભાશંકર ગૌરીશંકરે રાખી હતી. મંગળવારની આખી રાત્રિ લોકોનાં ટોળેટોળાં દર્શન કરવાં જતાં હતાં, અને સર્વના મૂખપર સ્વામિના ગત થવાની ગ્લાનિ છાઇ હતી. એવી રીતે આખી રાત્રિ વિત્યા બાદ બુધવારની પ્રભાત થતાંજ તેમના પુત્રોએ સ્વામિશ્રીની ધર્મક્રિયાઓ કરવા માંડી હતી, જે ક્રિયા ઘણી સરસ રીતે ને શાસ્ત્ર વિધિએ સંપૂર્ણ થયા બાદ તેમનો એક ખાસ ફોટોગ્રાફ લેવામાં આવ્યો હતો. તે પછી એક ખાટની ખાસ

જનાંરેલી પુષ્પોવાળી માંડવીમાં સ્વામિશ્રીને પધરાવી તે દેખાવનો ફોટોગ્રાફ પણ લીધો હતો. બાદ તરતજ તેમના પુત્રો તથા સગાં સંબંધીઓએ સ્વામિશ્રીની માંડવી પવિત્ર પેહેરેલાં વસ્ત્રો સહીત ઉપાડીને ગામમાં ફેરવવા લઈ ગયા હતા. આ સમયે સેંકડો લોકો તે ક્રિયામાં ભાગ લેવાને પધાર્યા હતા, અને ઘણી મોટી ભીડ થઇ હતી. તેમની આગળ ઝાલર, શંખ અને ડંકાનો નાદ થતો હતો, અને એવી રચના સહ સ્વામિશ્રીને ત્યાંના રાણીકાને રસ્તે થઇ શાહગાહાશ અન્ય ક્ષેત્ર આગળથી દિવાન સાહેબના ઘર પાસે આવી જોગીવાડાની ટાંકી આગળથી ગવરીકુંડ તરફ લઈ જઈ છગન દેશાઈની વાડીને રસ્તે ફેરવી માંડવીને "નારાયણ" ના ઉપરાચાપરી પોકારો સહિત પુનઃપોતાની રેહેવાની વાડીમાં લઇ આવ્યા હતા. અને ત્યાં ૧૦૮ વાર સ્નાન કરાવી તથા બીજી ધર્મની યોગ્ય ક્રિયા કરીને ઘણી ધામધૂમથી ભૂમિદા કરવામાં આવ્યા હતા. આ સમયે ત્યાં હાજર રહેલા તમામ લોકોએ એકેસ્વરે "નારાયણ નારાયણ, નારાયણ" નો નૌત્તમ નાદ કરી મહા સોર કીધો હતો, અને સ્વામિશ્રીને સર્વ પ્રકારે શોભા પૂર્વક યોગ્યતાથી ભૂમિદા કરવાની ક્રિયા સમાપ્ત કરી હતી. ભૂમિદા કરવાને સ્થળે જમીનમાં ઊંડો ખાડો અગાઉથીજ ખોદાવી રાખ્યો હતો, અને તેમાં સ્વામિશ્રીની સંગે તેમનો ડંડ આદિક સામાન પણ મૂકવામાં આવ્યો હતો. એ સ્થળે ચબુતર કરી સારી જેવી બંધાવવામાં આવનાર છે, અને એ સ્થળની

આડાઅડજ " શ્રી ગૌરીશંકર મહાદેવ " નું સરસ દેહેરૂં આજ કેટલાંક વર્ષ થયાં બંધાવેલું છે સ્વામિશ્રીને એ સ્થળ બહુ પ્રિય હતું અને તેથી એમને ત્યાં ભૂમિદાહ કીધા હતા. ભૂમિદાહની સર્વ ક્રિયા સમાપ્ત થયા બાદ સ્નાન કરી સર્વજનો " નારાયણ"નો નાદ કરતાંજ ગામમાં સ્વામિશ્રીને જુને ગૃહે પધાર્યા હતા, જ્યાં આગળ તેમના બંને પુત્રો રા૦ રા૦ વિજયશંકર તથા રા. રા. પ્રભાશંકરને દિલાસો આપી સહુ વિખેરાયા હતા.

સ્વામિશ્રીની પાછળ થયલો ધર્મ.

સ્વર્ગવાસી સ્વામિશ્રીની પાછળ પૂન્યાર્થે તેમના પુત્રોએ સારો ધર્મ કીધો હતો. ગામમાં દરેક મહોલ્લામાં ખાંચડી, ઘઉં, બાજરી, લાડુ, ગાંઠિયા વગેરે વહેંચ્યા હતા સોના મોહોરો તથા રૂપા ને ત્રાંબાનાણું ઉરાડ્યું હતું અને ઢોરને માટે ખડ વગેરેના ગાડાં છુટાં મૂક્યાં હતાં. એ શિવાય ઘણો રૂડો ધર્મ કરવામાં આવ્યો હતો, જેથી ગરીબ લોકો ઘણો સંતોષ પામતા હતા, અને સ્વામિશ્રીના નામ પ્રમાણે સારો ધર્મ કરેલો કેહેવાતો હતો સ્વામિશ્રી અસલથી ધાર્મિક કાર્યો તરફ ઘણી મમતા રાખતા હતા, અને તેજ પ્રમાણેનો ધર્મ તેમની પાછળ થયલો જોઈ જન સમૂહમાં સદ્દવાણી વદાતી હતી.

તારની ધમાલ.

સ્વામિશ્રીના સ્વર્ગવાસ થયાના સમાચાર દેશોદેશ અને ગામેગામ પોહોંચાડવાની ધમાલ ખુબ ચાલી રહી હતી, અને મંગળવારની રાત્રિએજ વિજળી તારદ્વારાએ સર્વ

તરફ સમાચાર પોહોંચાડવામાં આવ્યા હતા. આશરે બસો તારો કરવામાં આવ્યા હતા. જેમાં વિલાયત ખાતે ૧૦ તથા કાઠિયાવાડના દરેક રાજા સાહેબ ઉપર, ઘણાક દિવાનો ઉપર અને ગુજરાત તથા હિંદના ઘણાક પ્રખ્યાત પુરૂષો, કે જેમની સાથે ઘણા વરસથી સ્વામિશ્રીને સારો સ્નેહ ને સંબંધ છે તે સઘળાઓ ઉપર ખાસ તારો કીધા હતા, જેથી ભાવનગરની તાર ઑફીસમાં તે રાત્રિએ કામની ઘણી ધમાલ ચાલી હતી.

સ્વામિનાં મૃત્યુની દિલગિરી.

સ્વામિશ્રીના મૃત્યુના સમાચાર તાર મારફતે ચતુર્દિશાએ ફેલાતાંજ સર્વમાં ઘણી ગ્લાનિ વર્તી હતી. જો કે તેઓ છેક વૃદ્ધાવસ્થામાં ગત થયા છે તદ્દપિ તેઓ સર્વ જનોને ઘણા કામના ને ઉપયોગી પુરૂષ હોવાથી તેમના મૃત્યુથી ચોગરદમ ઉદાસિ પસરી હતી. દેશોદેશ ને ગામેગામથી દિલગિરી દર્શાવનારા લાંબા લાંબા તારો તેમના પુત્રો પર આવ્યા હતા, અને પત્રદ્વારાએ પણ ઘણા દિલાસાના લેખો પોહોંચાડ્યા હતા. સહુએ પોતપોતાની લાગણી બતાવવામાં કંઈજ કસર રાખી નહોતી. ગામનાં લોકોએ પણ સ્વામિશ્રીના મૃત્યુનો શોક દર્શનિક કીધો હતો.

સ્વામીશ્રીના માનાર્થે ભાવનગરના નામદાર મહારાજા સાહેબે પ્રગટ કરેલું જાહેરનામું.

સ્વામિશ્રીના મૃત્યુના સમાચાર નામદાર મહારાજા સાહેબને કાને જતાંજ તે નામદારે પોતાની દિલગિરી દર્શાવી હતી, અને પોતાના એક આગલા નિમકહલાલ તરીકે પંકાયલા દિવાન રા૦ રા૦ ગૌરીશંકર ઉદયશંકર ઓઝા સી. એસ. આઈના ગત થવાથી પોતે અતિ ખેદ પામ્યા હતા તથા બુધવારને દિવસે પોતાનાં રાજ્યની તમામ ઑફીસ બ-

મરે તેમના માનાર્થે બંધ રાખ્યું હતું, તેમજ સ્વર્ગવાસી રાણીશ્રીના મૃત્યુનિમિત્તે ખાસ જાહેરનામું પ્રગટ કીધું હતું, જે શબ્દે શબ્દ નીચે પ્રમાણે હતું:—

અમારા રાજ્યના ઘણા પ્રખ્યાત અને ઉત્કૃષ્ટ પ્રકારની નિમક હલાલીથી સેવા બજાવનાર માજી દીવાન આજમ ગૌરીશંકર ઉદયશંકર. સી. એસ. આઈ ગઈકાલે સાંજના ૬ કલાકને અમલે પોતાનો દેહ ત્યાગ કરી સ્વર્ગવાસ કર્યો છે તેના સમાચાર સાંભળી અમોને અતી ખેદ અને ભારે દીલગીરી થઈ છે.

આજમ ગૌરીશંકર. જેમણે હિંદુ ધર્મશાસ્ત્રની વિધી પ્રમાણે પોતાના ક્ષણિક દેહનું સાર્થક અને પરમ કલ્યાણ થવાનું સાધન જે સન્યસ્ત સંવત ૧૯૪૨ ની સાલમાં ધારણ કર્યું હતું તેઓએ સંવત ૧૯૩૫ ની સાલમાં જ્યારે અમારા રાજ્યના મુખ્ય પ્રધાનના હોદ્દાનું કામ છોડ્યું તે વખતે તેમની રાજ્ય સેવા તથા પ્રમાણિક પણા વગેરેની અમોએ ઘટતી પીછાન તથા સ્તુતી જાહેર કરી હતી તે અમારી રૈયતના સઘળા લોકોના દીલમાં હજી તાજી હશે.

આ દુઃખદાયક બનાવના કારણથી અમારા નામીચા માજી દીવાન તરફ માન દાખલ અમો એવો હુકમ કરીએ છીએ કે, દરબારી સર્વે કામકાજ, તમામ ઓફીસો તથા કોર્ટો આજ રોજે બંધ રાખવી; તથા આજ રોજે પીલ ગાર્ડનમાં બેન્ડ બજાવવું બંધ રાખવું.

સંવત ૧૯૪૮ ના માગશર શુદ ૧ બુધવાર, તારીખ ૨ ડીસેમ્બર સને ૧૮૯૧.

રજુ—રતીલાલ માણેકલાલ.
હજુર સેક્રેટરી.

તખ્તસીંહજી,
મહારાજા સંસ્થાન ભાવનગર.

છપેલા જાહેરનામાની ચાર બાજુએ શોકની નિશાની

દર્શાવનારી કાળી સીટીઓ છાપવામાં આવી હતી, અને એ પ્રકારે નામદાર મહારાજા સાહેબે સ્વામિશ્રીના મૃત્યુને માટે પોતાની લાગણી પ્રદર્શિત કરી હતી. કે જેને માટે નામદાર મહારાજા સાહેબને માન ઘટે છે. વળી વિશેષ માન એટલા માટે ઘટે છે કે, નામદાર મહારાજા સાહેબને આગલે દિવસે એટલે સોમવારે જ્યારે સ્વામિશ્રીની માંદગી વિશેષ વધ્યાની ખબર પડી, ત્યારે તે નામદાર પોતાના રાજ્યના ડાક્ટર શેઠ બરજોરજી બેહેરામજી સાથે સ્વામિશ્રીની વાડીએ પધાર્યા હતા, અને અન્યોઅન્ય છેલ્લી મુલાકાત થઈ હતી. આ ઉપરથીજ જણાઈ આવશે કે, નામદાર મહારાજા સાહેબને સ્વામિશ્રી પ્રત્યે કેવી ચાહી પ્રીતિ ને કેવી સારી લાગણી હતી.

સ્વામિશ્રીનાં માનાર્થે ગામમાં પડેલી હડતાલ.

સ્વર્ગવાસી સ્વામિશ્રીનાં માનાર્થે બુધવારે ભાવનગરની કેટલીક દુકાનો બંધ રાખવામાં આવી હતી તથા ગુરૂવારે તમામ મહાજને ખાસ હડતાલ પાડી સ્વામિશ્રી પ્રત્યે પોતાની લાગણી જાહેર પ્રદર્શિત કરી હતી. ગામનાં તમામ વેપારી લોકોએ સ્વામિશ્રીના મરણથી પોતાનાં ખરાં અંતઃકરણથી અત્યંત આક્રંદ કીધો હતો, અને મરનાર શ્રીના પુત્રોને દિલાસો આપવા માટે જન મંડળો તેમને ગૃહે ગયા હતા. તેઓએ સર્વ પ્રકારે ખેદ દર્શાવ્યો હતો. વળી કાઠિયાવાડ અને બીજાં કેટલાંક સ્થળોમાં પણ સ્વામિશ્રીનાં માનને ખાતર ખાસ શોક પાળવામાં આવ્યો હતો, અને કેટલાંક ગામો તરફથી તો મહાજન મારફતે ખાસ તારો દ્વારાએ પોતાની દિલગિરી દર્શનીક કરી હતી. અર્થાત સ્વામિશ્રીના ગત થવાથી દરેક સ્થળનાં લોકો અત્યંત ગ્લાનિ પામ્યા હતા. મહુવા કુંડલા તળાજા સીહોર બોટાદ ને વરખા ગામમાં ખાસ હડતાલ પાડી હતી.

गौरीकुंडनो शीलालेख.

श्री परमात्मने नमः

સંસ્થાન ભાવનગરના ગોહેલ વંશ કુળદીપક શ્રીમાન મહા-રાજા રાઓળ શ્રી સર तखत सिंहजी जी. सी. એસ- સા-ઈતા વિજય રાજ્યમાં વડનગરા નાગર બ્રાહ્મણ ઓઝા अवटंक सुरजी તેમના પુત્ર मोतीलाल તેમના પુત્ર उदयशंकर તેમના પુત્ર સંસ્થાન ભાવનગરના માજી દિવાન આ-જમ गौरीशंकर उदयशंकर ઓઝા સી એસ આઈ તે-મના પુત્ર विजयशंकर તથા प्रभाशंकरे પોતાના ગંગા-સ્વરૂપ માતુશ્રી कसळीबाए સંવત ૧૯૪૩ના જેષ્ટ સુદી ૧૧ ને શુક્રવારે કૈલાસ વાસ કર્યાથી તેમના કલ્યાણ સારૂ ઓઝા विजयशंकरना પુત્ર साराभाई તથા हरिभाई ના પુત્ર मोतीभाइ એ પ્રમાણે પરિવારે સહીત મળીને સર્વ લોકોના હિતાર્થે બંદર ભાવનગરમાં આ गौरीकुंड બંધાવ્યો છે શાલીવાહન શાકે ૧૮૦૯ વીક્રમ સંવત ૧૯૪૪ ના શ્રાવણ સુદી ૧૫ને સોમવાર તા. ૨૧ મી અગષ્ટ સને ૧૮૮૮

दोहरो.

पुरण थयुं पुस्तक लघु, दिल करो दरियाफ;
"चुनीलाल" कहेछे भावथी, भुल चुक करजो माफ.

समाप्त.

જાહેર ખબર.

સર્વ ઝારોગાવણીદોને નમ્રતા પુર્વક જણાવવામાં આવે છે કે નીચે સહી કરનાર તરફથી થોડા દીવસમાં **हीमजाकाव्य** એ નામનું પુસ્તક બહાર પાડવામાં આવનાર છે માટે સર્વ સોણીબાભાઈઓ તેમાં આશ્રય આપશે એવી આશા છે. કિંમત ૦-૨-૦

B. S. K. & C. J. MODY.